મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૨૯-૦૬-૨૦૨૫
રવિવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૭૬
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર. ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫ના અંતિમ દિવસે આરોગ્યમંત્રીના અધ્યક્ષસ્થાને વડનગર તાલુકાના ઉમિયાપુરા અને ત્રાંસવાડ ખાતે કાર્યક્રમ યોજાયો

# બાળકોના અજ્ઞાત મનમાં પોઝીટીવીટી મેળવવા માટેનું પ્રથમ પગથિયું એ આજનો શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ

**મંત્રીએ શિક્ષણ નીતિ ૨૦૨૦ નિપુણ ભારત અંતર્ગત તૈયાર કરવામાં આવેલ સાહિત્યના પ્રદર્શનની મુલાકાત લીધી**

**શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ થકી આજે ડ્રોપઆઉટ રેશિયામાં નોંધપાત્ર ઘટાડો થયો**

**મંત્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોએ નાના ભુલકાઓને શૈક્ષણિક કીટ આપી શાળા પ્રવેશ કરાવ્યો**



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

સમગ્ર રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસથી બાળકોને શાળા પ્રવેશ કરાવવા માટે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. જે અંતર્ગત આજે શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫ના અંતિમ દિવસે આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષસ્થાને વડનગર તાલુકાના ઉમિયાપુરા અને ત્રાંસવાડ ખાતે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મંત્રીશ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે આંગણવાડી અને બાલવાટિકા તેમજ ધોરણ ૧ ના બાળકોને શૈક્ષણિક કીટ આપી શાળા પ્રવેશ કરાવ્યો હતો. આ ઉપરાંત ધોરણ ૯ અને ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓને શાળામાં આવકાર્યા હતા.

આ પ્રસંગે ઉદબોધન કરતા આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, આજનો કાર્યક્રમ નિર્દોષ બાળકોના ભવિષ્ય બનાવવાનો કાર્યક્રમ છે. ઉમિયાપુરા ગામમાં બાળકોને શાળા પ્રવેશ કરાવવા માટે આજે આખું ગામ આવ્યું છે,જે બાળકોને આજીવન યાદ રહેશે. ૨૧ મી સદી એ જ્ઞાનની સદી છે, માટે દરેક પરિવારનું આશાનું કિરણ એવા આ બાળકો આગામી સમયમાં શ્રેષ્ઠ શિક્ષણ મેળવી ગામ અને રાજ્યનું નામ રોશન કરે તે માટે સૌએ સહિયારા પ્રયાસો કરવા પડશે.

વધુમાં તેમણે જણાવ્યું કે, બાળકોના અજ્ઞાત મનમાં પોઝીટીવીટી મેળવવા માટેનું પ્રથમ પગથિયું એ આજનો શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ છે. ગુજરાતનું એકપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેની ચિંતા ગુજરાત સરકાર કરી રહી છે. રાજ્યના આ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ બન્યો છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે અગાઉના વર્ષોમાં ૧૦૦ બાળકોમાંથી શાળામાં પ્રવેશ બાદ ૩૭ બાળકો અધવચ્ચેથી અભ્યાસ છોડી દેતા હતા. જે વાત તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ધ્યાને આવી અને તેમણે દરેક બાળક શિક્ષણ મેળવે ગુજરાતનું એકપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની શરૂઆત કરાવી હતી. જેના પરિણામે આજે ડ્રોપઆઉટ રેશિયામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

આ પ્રસંગે ઉંઝા ધારાસભ્ય શ્રી કિરીટભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કરી શાળામાં પ્રવેશ મેળવનાર બાળકોને ઉજ્જ્વળ ભવિષ્ય માટે તેમજ પોતાના પરિવાર અને રાજ્યનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

કાર્યક્રમ દરમિયાન મંત્રીશ્રી અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત મંત્રી શ્રી સહિત ઉપસ્થિત સર્વેએ મિશન લાઈફ અને રોડ સેફટી અંતર્ગત પ્રતિજ્ઞા લીધી હતી. મંત્રીશ્રીએ શિક્ષણ નીતિ ૨૦૨૦ નિપુણ ભારત અંતર્ગત તૈયાર કરવામાં આવેલ સાહિત્યના પ્રદર્શનની મુલાકાત લીધી હતી. અને શાળામાં ચાલતા શાળા આરોગ્ય તપાસની કાર્યક્રમની મુલાકાત લીધી હતી.

કાર્યક્રમના અંતે મંત્રીશ્રી સહિતનાઓએ શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતું.

આ કાર્યક્રમમાં અગ્રણી સર્વે શ્રી મહેશભાઈ પટેલ, કિરીટભાઈ ચૌધરી, સજનબેન, ભારતીબેન, જમનાબેન, ઈશ્વરભાઈ પટેલ,નાયબ પશુપાલન નિયામકશ્રી, સમગ્ર શિક્ષા વિભાગના અનિલભાઈ ઉપાધ્યાય, એસએમસીના સભ્યો, શાળાના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.





### પુનાસણ ગામમાં નાયબ કલેક્ટર જશવંત જેગુડાના અધ્યક્ષ સ્થાને શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો

## ગુજરાતનું એકપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેની ચિંતા ગુજરાત સરકાર કરી રહી છે : નાયબ કલેક્ટર જશવંત જેગુડા

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

સમગ્ર રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસથી બાળકોને શાળા પ્રવેશ કરાવવા માટે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. જે અંતર્ગત આજે શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫ના અંતિમ દિવસે મહેસણાના ડેપ્યુટી કલેકટર જશવંત જેગુડાના અધ્યક્ષસ્થાને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ડેપ્યુટી કલેકટર સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે આંગણવાડી અને બાલવાટિકા તેમજ ધોરણ ૧ ના બાળકોને શૈક્ષણિક કીટ આપી શાળા પ્રવેશ કરાવ્યો હતો. આ ઉપરાંત ધોરણ ૯ અને ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓને શાળામાં આવકાર્યા હતા.પુનાસણ પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ ડેપ્યુટી કલેકટર જશવત જેગુડા સાહેબના હસ્તે કરવામાં આવ્યો તેમની સાથે ભૂસ્તરશાસ્ત્રી પ્રતિક શાહ પણ જોડાયા હતા જેમો શાળાના વિદ્યાર્થીઓ શાળાનું સ્ટાફ તથા ગ્રામજનો હાજર રહ્યા હતા.





આ પ્રસંગે ડેપ્યુટી કલેકટરે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે,

૨૧ મી સદી એ જ્ઞાનની સદી છે, માટે દરેક પરિવારનું આશાનું કિરણ એવા આ બાળકો આગામી સમયમાં શ્રેષ્ઠ શિક્ષણ મેળવી ગામ અને રાજ્યનું નામ રોશન કરે તે માટે સૌએ સહિયારા પ્રયાસો કરવા પડશે.

વધુમાં તેમણે જણાવ્યું કે, બાળકોના અજ્ઞાત મનમાં પોઝીટીવીટી મેળવવા માટેનું પ્રથમ પગથિયું એ આજનો શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ છે. ગુજરાતનું એકપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેની ચિંતા ગુજરાત સરકાર કરી રહી છે. રાજ્યના આ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ બન્યો છે.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતમાં શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતું.

### ટૂંક સમયમાં ઓનલાઈન વેરો ભરવાપાઈની સુવિધા શરૂ કરવામાં આવશે

## મહેસાણા મહાનગરપાલિકાએ વેરા વસૂલાત માટે ડિઝીટલ પદ્ધતિનો આરંભ કર્યો : વેરા બિલ વોટ્સએપ દ્વારા મોકલાશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

મહેસાણા મહા નગરપાલિકાએ વેરા વસૂલાત માટે ડિજિટલ પદ્ધતિનો આરંભ કર્યો છે. મનપાના વોર્ડ નંબર ૯માં આવેલા ૭૦૦૦ મિલકત ધારકોને વર્ષ ૨૦૨૫-૨૬ માટેના વેરા બિલ વોટ્સએપ દ્વારા મોકલવામાં આવ્યા છે.




આગામી તબક્કામાં વોર્ડ નંબર ૧૦, ૧૧, ૧૨ અને અન્ય વોર્ડ તેમજ નવા ભળેલા ૧૪ ગ્રામ્ય વિસ્તારોમાં પણ આ પદ્ધતિ અમલમાં મૂકવામાં આવશે. જે નાગરિકોના મોબાઈલ નંબર લિંક નથી, તેમને ઓફલાઈન વેરા બિલ મોકલવામાં આવશે.

નાગરિકો વેરાની ભરપાઈ માટે મનપાની મુખ્ય કચેરી, ટીબી રોડ પરના સિવિક સેન્ટર અને રાધનપુર રોડ પરની પશ્ચિમ ઝોન ઓફિસનો સંપર્ક કરી શકે છે. ગ્રામ્ય વિસ્તારના રહેવાસીઓ માટે તેમની ગ્રામ પંચાયત કચેરીમાં વેરો ભરવાની વ્યવસ્થા યથાવત રાખવામાં આવી છે.

મનપા સૂત્રો અનુસાર, ટૂંક સમયમાં ઓનલાઈન વેરા ભરપાઈની સુવિધા શરૂ કરવામાં આવશે. આ વ્યવસ્થા થતાં નાગરિકો ઘરે બેઠા વોટ્સએપમાં મળેલા ડિજિટલ બિલનું ઓનલાઈન પેમેન્ટ કરી શકશે અને ડિજિટલ સહી સાથેની પાવતી પણ મેળવી શકશે.

## મહેસાણા જિ.માં સસ્તા અનાજની દુકાનમાં અંગૂઠાની છાપ ઝડપથી સ્કેનિંગ ન થતાં ગ્રાહકો હેરાન પરેશાન

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

સસ્તા અનાજની દુકાનમાં દાળ, ચોખા, ઘઉંનું રાશન લેવા જતાં કાર્ડધારકો પુરવઠા તંત્રના નવી ડિવાઈસમાં અંગૂઠાની છાપ ઝડપથી સ્કેનિંગ થતી નહોઈ અંગૂઠા દબાવી દબાવીને થાકવા લાગ્યા છે અને તેમાં વધુ સમય જતો હોઈ ગ્રાહકોએ કલાકો સુધી લાઈનમાં રહેવુંપડે છે. પરિણામે, ગ્રાહકોની સાથે સંચાલકો પણ કંટાળી ગયા છે. આ હાલત નવી ડિવાઈસમાં પુરવઠા નાયબ મામલતદારોની પણ



બની છે.

પિલુદરા ગામના રેશનકાર્ડધારકોએ કહ્યું કે, રાશન લેવા જઈએત્યાં ડિવાઈસ ઉપર અંગૂઠો મૂકીએ એટલે છાપ કમ્પ્યુટરમાં સ્કેન થતી નથી. એક હાથની ચારેય આંગળીઓ મૂકી એતેમાં પણ મેળ ન પડે તો બીજા હાથની ચાર આંગળીઓ મૂકવી પડે છે. આવામાં ઘણી વખત તોદસેક મિનિટતો અંગૂઠાની છાપમાંનીકળી જાય છે. સસ્તા અનાજના દુકાનદારે જણાવ્યું કે, પહેલા એલ ૦ ડિવાઈસ હતી, તેમાં તરત ગ્રાહકોના અંગૂઠાની છાપ આવી જતી હતી.

## મહિલાને સંતાન ન થવાના કારણે સાસરિયાઓએ અત્યાચાર ગુજાર્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

સતલાસણા એક ગામની એક મહિલા પર સંતાન ન થવાના કારણે સાસરિયાઓએ અત્યાચાર ગુજાર્યો છે. પરિણીતાના લગ્ન ૧૬ વર્ષ પહેલા સમાજના યુવક સાથે થયા હતા. લગ્નના શરૂઆતના વર્ષોમાં બધું સારું ચાલતું હતું. પરંતુ સંતાન ન થવાના કારણે તેમના પતિ અને સાસુ વારંવાર તેમને ત્રાસ આપતા હતા. પરિણીતા લાંબા સમય સુધી આ ત્રાસ સહન કરતા રહ્યા. તાજેતરમાં સાસુ અને પતિએ તેમને માર મારીને ઘરમાંથી કાઢી મૂક્યા હતા.

મહિલાને એક રાત સંબંધીઓના ઘરે વિતાવવી પડી. જ્યારે તેમના પિયરપક્ષના લોકો મળવા આવ્યા, ત્યારે સાસરિયાઓએ સ્પષ્ટ કહી દીધું કે તેઓ પરિણીતાને ઘરમાં નહીં રાખે. આ પછી તેઓ પોતાના પિયર સ પરત ફર્યા હતા. પરિણીતાએ સતલાસણા સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધી અને સતલાસણા પોલીસ સ્ટેશનમાં પોતાના પતિ અને સાસુ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.


## મહેસાણાના રૂપાલ-કુકસ પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનો ભવ્ય કાર્યક્રમ યોજાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

સમગ્ર રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસથી બાળકોને શાળા પ્રવેશ કરાવવા માટે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે.

જે અંતર્ગત મહેસાણાના રૂપાલ-કુકસ પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો.

મહાનુભાવોના હસ્તે આંગણવાડી અને બાલવાટિકા તેમજ



ધોરણ ૧ ના બાળકોને શૈક્ષણિક કીટ આપી શાળા પ્રવેશ કરાવ્યો હતો. આ



ઉપરાંત ધોરણ ૯ અને ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓને શાળામાં આવકાર્યા હતા.




# ભારત વૈશ્વિક અવકાશ મહાસત્તા બનવા જઈ રહ્યું છે

ભારતીય વાયુસેનાના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાએ આંતરરાષ્ટ્રીય અવકાશ મથકમાં પ્રવેશ કરીને એક નવો ઈતિહાસ રચ્યો. તેઓ એક્સિઓમ-૪ મિશનનો ભાગ છે. આ મિશન નાસા, ઈસરો અને યુરોપિયન અવકાશ એજન્સીનો સંકલિત પ્રયાસ છે. આ મિશન દરમિયાન ૬૦ વૈજ્ઞાનિક પરીક્ષણો કરવામાં આવશે. ૩૧ દેશો આ પરીક્ષણોમાં યોગદાન આપશે, જેમાંથી સાત પરીક્ષણોમાં ઈસરો સક્રિય ભૂમિકા ભજવે છે.

આ પરીક્ષણો માઈક્રોબાયોલોજી, બાયોટેકનોલોજી, મટીરીયલ સાયન્સ, હ્યુમન ફિઝિયોલોજી અને સ્પેસ ટેકનોલોજી જેવા વિવિધ વિષયો સાથે સંબંધિત છે. આ મિશન ફક્ત અવકાશ સંશોધકોને આંતરરાષ્ટ્રીય અવકાશ સ્ટેશન પર લઈ જવા, સ્થળાંતર કરવા અથવા અવકાશમાં પ્રયોગો કરવા પૂરતું મર્યાદિત નથી. તે ભવિષ્યની ચાવી ધરાવે છે જેમાં અવકાશ માત્ર સંશોધનનું કેન્દ્ર નહીં બને પણ એક વ્યાપક વ્યૂહાત્મક અને આર્થિક મોરચા તરીકે પણ સ્થાપિત થશે.એ સ્પષ્ટ છે કે આવનારા દાયકાઓમાં, અવકાશ ભૂરાજનીતિ, વૈશ્વિક શક્તિ સમીકરણો અને આર્થિક વિકાસને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ભલે તે સંરક્ષણ પ્રણાલીઓ સાથે ઉપગ્રહ સંચારનો વિષય હોય કે અવકાશ પ્રવાસનથી સંસાધન નિષ્કર્ષણનો વિષય હોય, દેશોની અવકાશ ક્ષમતાઓ નક્કી કરશે કે કયો દેશ આગેવાની લેશે અને કોણ તેનું પાલન કરશે. અવકાશમાં નિયંત્રણનો અર્થ સંદેશાવ્યવહાર પર નિયંત્રણ છે? આ પરિસ્થિતિ યુદ્ધ અને સંઘર્ષમાં ખૂબ ઉપયોગી સાબિત થાય છે. લશ્કરી સંચારથી રીઅલ ટાઈમ નેવિગેશન અને ક્લાયમેટ મોનિટરિંગના મોરચે સેટેલાઈટ નેટવર્કનું મહત્વ પહેલાથી જ સાબિત થઈ ચૂક્યું છે. રશિયા-યુક્રેન યુદ્ધ આનું ઉદાહરણ છે. જ્યારે રશિયાએ યુક્રેનના સંદેશાવ્યવહાર માળખાનો નાશ કર્યો, ત્યારે એલોન મસ્કની સ્ટારલિંક સેટેલાઈટ સુવિધા યુક્રેનની મદદ માટે આવી.

અવકાશ પણ આધુનિક યુદ્ધ નીતિનું એક મહત્વપૂર્ણ પાસું છે. મજબૂત અવકાશ કાર્યક્રમો ધરાવતા દેશોને સ્વાભાવિક રીતે વ્યૂહાત્મક લાભ મળે છે. તાજેતરના ઈરાન-ઈઝરાયલ યુદ્ધમાં પણ આ વાત સાબિત થઈ હતી, જ્યાં પૃથ્વીના વાતાવરણની સીમાની બહાર ઈઝરાયલની એરો-૩ સંરક્ષણ પ્રણાલી દ્વારા ઈરાનની ઘણી બેલિસ્ટિક મિસાઈલોને તટસ્થ કરવામાં આવી હતી. આ દર્શાવે છે કે અવકાશ સંપત્તિ પર નિયંત્રણ આધુનિક યુદ્ધ નીતિને કેવી રીતે નિર્ણાયક રીતે અસર કરી શકે છે. તાજેતરમાં, ભારતના ઓપરેશન સિંદૂરમાં પણ સેટેલાઈટ કેમેરાની ઉપયોગિતા જોવા મળી હતી, જેણે લક્ષ્યોને ચિહ્નિત કરવામાં અને નુકસાનનું મૂલ્યાંકન કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ પાસાઓને ધ્યાનમાં રાખીને, અમેરિકાએ તેની અવકાશ સંપત્તિઓનું રક્ષણ કરવા માટે સ્પેસ ફોર્સ નામનું એક અલગ લશ્કરી એકમ બનાવ્યું છે. ભારત પણ આ ખ્યાલને સાકાર કરવા તરફ આગળ વધવા જઈ રહ્યું છે.

આર્થિક મોરચે અવકાશ પણ એક નવું ક્ષેત્ર બની રહ્યું છે. અવકાશ પ્રવાસન હવે કાલ્પનિક રહ્યું નથી. કેટલીક કંપનીઓ અને સંગઠનોએ અવકાશયાત્રીઓ માટે સેવાઓ શરૂ કરી છે. ઈસરો પણ આ દિશામાં કામ કરી રહ્યું છે અને ૨૦૩૦ સુધીમાં અવકાશ પ્રવાસન શરૂ કરવાની યોજના ધરાવે છે. વૈશ્વિક અવકાશ પ્રવાસન વ્યવસાય ૨૦૩૦ સુધીમાં રૂ. ૮૫,૦૦૦ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે.

ભારત વિશ્વસનીય અને સસ્તું પ્રક્ષેપણ ક્ષમતા ધરાવતા દેશ તરીકે જાણીતું હોવાથી, એવું માનવાના સારા કારણો છે કે તેને આ બજારમાં મોટો હિસ્સો મળશે. વિસ્તરતા અવકાશ અર્થતંત્રમાં, ફક્ત તે દેશો જ સફળ થઈ શકે છે, જે પોતાના દમ પર માનવ અને મશીનોને અવકાશમાં મોકલી શકશે. આ ઉચ્ચ-દાવની દોડમાં, ભારત યોગ્ય સમયે આગળ વધી રહ્યું છે. એક્સિઓમ-૪ મિશન ભારતની વૈશ્વિક અવકાશ મહાસત્તા બનવાની યાત્રામાં એક સીમાચિહ્નરૂપ છે. તે ભારતના ગગનયાન કાર્યક્રમ સાથે સીધો સંબંધિત છે, જેના હેઠળ સ્વદેશી રીતે બનાવેલા વાહન દ્વારા ભારતીય અવકાશયાત્રીઓને પૃથ્વીની ભ્રમણકક્ષામાં મોકલવાની યોજના છે. આ ૨૦૨૭ સુધીમાં શક્ય બની શકે છે. જોકે, ભારતના ઈરાદા આના કરતા ઘણા મોટા છે. ભારત ૨૦૩૫ સુધીમાં ભારતીય અવકાશ મથક-મ્છજી ના રૂપમાં પોતાનું અવકાશ મથક સ્થાપિત કરવાનું લક્ષ્ય રાખે છે. આ કેન્દ્ર અત્યાધુનિક સંશોધન, નવીનતા અને લાંબા ગાળાના મિશન માટે એક પ્લેટફોર્મની ભૂમિકા ભજવશે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## ઉમેદવારો માટે શાળાની અંતિમ ફાળવણી કરવામાં આવી

# રાજ્યની સરકારી-અનુદાનિત માધ્યમિક શાળાઓમાં નિમણૂંક પામેલા શિક્ષણ સહાયકોને નિમણૂંક હુકમ આપવામાં આવશે

ગાંધીનગર, તા.૨૮

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તથા બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી વર્ષ-૨૦૨૪ અન્વયે ઉમેદવારો માટે મેરીટ કમ પ્રેફરન્સના આધારે આજે શાળાની અંતિમ ફાળવણી જાહેર કરવામાં આવી છે.



જે અંતર્ગત સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણૂક પામેલા શિક્ષણ સહાયકોને તા.૦૩ જુલાઈ, ૨૦૨૫ના રોજ તથા બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણૂક પામેલા શિક્ષણ સહાયકોને તા.૦૮ જુલાઈ, ૨૦૨૫ના રોજ સંબંધિત ફાળવણીપત્રમાં જણાવેલ સ્થળે નિમણૂક હુકમ મેળવવા ઉપસ્થિત થવાનું રહેશે.

આ ઉમેદવારો માટે શાળા ફાળવણીપત્ર ડાઉનલોડ કરવા અને ફળવાયેલી શાળામાં નિમણૂક હુકમ મેળવવા અંગેની જરૂરી સૂચનાઓ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવી છે. જેનો ઉમેદવારોએ અભ્યાસ કરીને નિમણૂક હુકમ મેળવવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે. આ શાળા ફાળવણી એ ઉમેદવારોની હાલની ભરતી પ્રક્રિયાની અંતિમ શાળા ફાળવણી છે,

ત્યારબાદ શાળા ફાળવણી અંગે ઉમેદવારોની કોઈ લેખિત કે મૌખિક રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં, જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા ગુજરાત રાજ્ય શૈક્ષણિક સ્ટાફ ભરતી માટેની પસંદગી સમિતિની યાદીમાં જણાવાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શિક્ષણ સહાયક ભરતી વર્ષ-૨૦૨૪ અંતર્ગત તા. ૨૧ જૂન, ૨૦૨૫ના રોજ શાળા ફાળવણી માટેનું પ્રોવિઝનલ એલોટમેન્ટ જાહેર કરવામાં આવ્યું હતું, જે અન્વયે સરકારી ઉચ્ચતર માધ્યમિક અને બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળામાં પસંદગી બાબતે ઉમેદવારો પાસેથી તા.૨૫ જૂન, ૨૦૨૫ના રોજ ઓનલાઈન સંમતિ મેળવવામાં આવી હતી.

આ સંમતિના આધારે ઉમેદવારોને પસંદગીની ભરતી ફાળવવામાં આવી હતી તેમજ અન્ય ભરતીમાંથી ઉમેદવારીનો હક બાદ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તમામ ઉમેદવારો માટે આજે શાળાની અંતિમ ફાળવણી જાહેર કરવામાં આવી છે.

## અમદાવાદ રથયાત્રામાં ઉશ્કેરાયેલ હાથીઓની મદદે વનતારા

# ઘટનાની જાણ થતા વનતારાએ નિષ્ણાંત ઈમરજન્સી ટીમ અને એમ્બ્યુલન્સ મોકલી તપાસ કરવામાં આવી

### અસરગ્રસ્ત નર અને માદા હાથીઓનું તબીબી મુલ્યાંકન કરી વર્તણૂકીય અને માનસીક સહાયપુરી પાડી

અમદાવાદ,તા.૨૮

અનંત અંબાણીના નેજા હેઠળની વન્યજીવન કલ્યાણ અને સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરતી પરોપકારી સંસ્થા વનતારાએ ૧૪૮મી જગન્નાથ રથયાત્રા દરમિયાન ત્રણ હાથીઓના ભાગદોડની ઘટના બાદ તરત જ અમદાવાદમાં તેની એક વિશેષ ઈમર્જન્સી ટીમ તૈનાત કરી હતી.




આ ટીમમાં બે વન્યજીવ પશુચિકિત્સકો, છ વરિષ્ઠ મહાવતો, તાલીમ પામેલા અગિયાર સહાયક સ્ટાફ અને પાંચ એલિફન્ટ એમ્બ્યુલન્સનો સમાવેશ થતો હતો, જે કટોકટીના સમયમાં હાથીને તબીબી સંભાળ અને વર્તણૂકીય સહાય પૂરી પાડવા માટે સજ્જ હતા.

અમદાવાદમાં રથયાત્રા દરમિયાન આ ઘટના ત્યારે બની હતી જ્યારે શોભાયાત્રા દરમિયાન મોટેથી વાગતા સંગીતના અને ભીડના અવાજથી ગભરાયેલો એક નર હાથી અચાનક હરોળ તોડીને આગળ ધસી ગયો હતો.

પાછળ પાછળ આવી રહેલા બે હાથીઓ પણ ગભરાઈ ગયા અને દોડી ગયા, જેના કારણે શોભાયાત્રામાં ખલેલ પહોંચી અને થોડા સમય માટે અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી.

વનતારાની ટીમે સ્થાનિક અધિકારીઓને અસરગ્રસ્ત નર અને માદા હાથીઓના તબીબી મૂલ્યાંકનમાં મદદ કરી, વર્તણૂકીય અને માનસિક સહાય પૂરી પાડી અને જ્યાં જરૂરી હોય ત્યાં સલામત નિયંત્રણ સુનિશ્ચિત કર્યું હતું.

×રથયાત્રા દરમિયાન હાથીઓની દોડભાગની ઘટના બાદ અમે તાત્કાલિક સહાય માટે વનતારાનો સંપર્ક કર્યો હતો. તેમની ટીમે જામનગરથી ઝડપથી પ્રતિક્રિયા આપી અને સ્થાનિક અધિકારીઓ અને સંભાળ લેનારાઓ સાથે સંકલન સાધીને હાથીની યોગ્ય સંભાળ માટે તેમના સ્થાનાંતરણની વ્યવસ્થા કરી હતી,× તેમ ગુજરાતના મુખ્ય વન સંરક્ષક ડો. કે. રમેશ (આઈએફએસ) દ્વારા જણાવવામાં આવ્યું હતું.

જગન્નાથ મંદિર મેનેજમેન્ટે વનતારાના ત્વરિત પગલાં અને સમર્પણની પ્રશંસા કરી હતી. ×વનતારાએ આ હાથીઓને તાત્કાલિક જરૂરી તબીબી સહાય અને પુનર્વસન મળે તે સુનિશ્ચિત કરવા માટે ખૂબ જ પ્રતિબદ્ધતા દર્શાવી હતી,× તેમ શ્રી જગન્નાથ મંદિર ટ્રસ્ટ સમિતિના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ જણાવ્યું હતું.

વનતારા વિશ્વનું સૌથી મોટું એલિફન્ટ કેર સેન્ટર ધરાવે છે, જે ૯૯૮ એકરમાં ફેલાયેલું છે, તેમાં ૧૦૦ એકરથી વધુ જગ્યામાં સમૃદ્ધ, માનવસર્જિત જંગલનો સમાવેશ થાય છે.આ સેન્ટર સર્કસ, ભીખ માંગવા, પર્યટન અને લાકડા કાપવામાં અગાઉ ઉપયોગમાં લેવાયેલા ૨૬૦ બચાવેલા હાથીઓને આજીવન સંભાળ પૂરી પાડે છે. આ સેન્ટર વિશ્વની સૌથી મોટી એલિફન્ટ હોસ્પિટલ પણ ધરાવે છે.

## ભાજપના રાષ્ટ્રીય પ્રમુખની નિયુક્તિ માટેની પ્રક્રિયા આગળ વધી હોવાના સંકેત

# ત્રણ રાજયોમાં ભાજપના પ્રદેશ પ્રમુખની પસંદગી માટે ચૂંટણી અધિકારી નિયુક્ત : ગુજરાત પર મૌન

**મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ અને પશ્ચિમ બંગાલમાં ભાજપે પ્રદેશ પ્રમુખ પ્રક્રિયા આગળ વધારીઃ ગુજરાતમાં એક તબકક્કે ભૂપેન્દ્ર યાદવની નિરીક્ષક તરીકે નિયુકિત બાદ પ્રક્રિયા ઠપ્પ પડી છે**

**રાજયમાં હજુ જીલ્લા અને મહાનગરમાં પણ પુરી ટીમ રચાઈ નથી : તા.૩૦ બાદ કોઈ સળવળાટ થાય તેવા સંકેતઃ પાટીલ બે વર્ષથી વધુ સમયથી ઈન્ચાર્જ ધોરણે ચાલે છે**

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૮

ભારતીય જનતા પક્ષમાં લાંબા સમયથી તોળાઈ રહેલા સંગઠન ફેરફારમાં હવે મુહુર્ત આવ્યા હોવાના સંકેત છે અને પક્ષે ત્રણ રાજયોમાં પ્રદેશ પ્રમુખની પસંદગી માટે પક્ષના નેતાઓને જવાબદારી સોંપી છે જો કે હજુ ગુજરાત કે જયાં ભાજપે પ્રદેશ પ્રમુખ નિયુકત કરવાની પ્રક્રિયામાં એક વખત પ્રદેશ પ્રભારી તરીકે કેન્દ્રીય મંત્રી ઉપેન્દ્ર યાદવને નિયુકત કરાયા બાદ તેઓનો ગુજરાત પ્રવાસ શકય બન્યો નથી.



તે વચ્ચે હવે અન્ય ત્રણ રાજયોમાં ભાજપે પ્રદેશ સંગઠન માળખા માટે કરેલી નિયુકતી સુચક છે અને તેથી એક વખત આ પ્રદેશનું માળખુ રચાયા બાદ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ સહિતની નેશનલ ટીમની રચનાની કામગીરી પણ પૂરી કરાશે. તેવું માનવામાં આવે છે.

ગઈકાલે જ ભાજપે મહારાષ્ટ્ર ઉતરાખંડ અને પશ્ચિમ બંગાળમાં રાજય ચૂંટણી અધિકારીઓની નિયુકિત કરી છે. જેની યાદીમાં ભાજપે લખ્યું છે કે રાજય પ્રમુખો અને રાષ્ટ્રીય પરિષદના સભ્યોની ચૂંટણી માટે આ નિયુકત થયેલા અધિકારીઓ કામ કરશે. પરંતુ તેમાં ગુજરાતનો સમાવેશ કરાયો નથી. ભાજપે મહારાષ્ટ્રમાં કિરણ રીજજુ ઉતરાખંડમાં હર્ષ મલ્હોત્રા અને પશ્ચિમ બંગાલમાં રવિશંકર પ્રસાદને આ જવાબદારી સોંપી છે.

પ્રદેશ પ્રમુખ સાથે આ ત્રણ રાજયોમાં રાષ્ટ્રીય પરિષદના સભ્યોની નિયુકિત સાથે જેનો અર્થ એ છે કે આ નિયુકત થનારા રાષ્ટ્રીય પરિષદના સભ્યો આગામી સમયમાં યોજાનારી ભાજપના રાષ્ટ્રીય પ્રમુખની ચૂંટણી માટે મતદાર બને છે. જોકે ભાજપમાં પરંપરા મુજબ પ્રદેશથી લઈ રાષ્ટ્રીય સુધીના તમામ માળખાઓમાં સમરસ નિયુકિત થાય છે.

એટલે કે કોઈ ચૂંટણી યોજવાની આવશ્યકતા રહેતી નથી પરંતુ પક્ષના બંધારણ મુજબ આ નિયુકિત જરૂરી હોય છે અને તેથી તે કરવામાં આવે છે જે આગામી સમયમાં રાષ્ટ્રીય પ્રમુખની નિયુકિતની પ્રક્રિયામાં સામેલ થશે. બીજી તરફ ગુજરાતમાં પ્રદેશની ચૂંટણી પ્રક્રિયા માટે ભૂપેન્દ્ર યાદવની લાંબા સમયથી નિયુકિત થઈ ગઈ છે પરંતુ તેમાં આગળ વધાયું નથી.

ભાજપે હજુ જયાં જીલ્લા અને મહાનગર સહિતના પ્રમુખો નિયુકત કર્યા છે ત્યાં પણ તેની ટીમ રચવા માટે હજુ કોઈ હીલચાલ નથી અને સુત્રોના જણાવ્યા મુજબ તા.૩૦ બાદ જીલ્લા અને મહાનગર કક્ષાએ નિયુકિત માટે 'સુચના' આવી શકે છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે.

**વૃષભઃ** આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે. વાણીની નરમાઈ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે.

**મિથુનઃ** આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો. પૈસાના વ્યવહારમાં સાવચેત રહો, નહીં તો આજે અપાયેલા પૈસા પાછા આવવાની સંભાવના ઓછી રહેશે.

**કર્કઃ** અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે અને ભાઇઓના સહયોગથી લાભની સ્થિતિ ઉદ્ભવશે. રાજકીય સહયોગ મળશે અને અટકેલા સરકારી કામ પૂરા થશે.

**સિંહઃ** જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે. ધાર્મિક કાર્યમાં થોડો ખર્ચ થશે, પરંતુ તે તમારી ખ્યાતિમાં વધારો કરશે.

**કન્યાઃ** તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. સફળ વ્યાવસાયિક યોજનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારા બધા કાર્યોમાં મદદરૂપ થશે. પારિવારિક સમસ્યાઓનો અંત અને મહત્વપૂર્ણ કાર્યો સંપન્ન થતા તમારું વર્ચસ્વ વધશે.

**તુલાઃ** લવ મેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. માતાના સ્વાસ્થ્યની સંભાળ રાખો અને ડોકટરો પાસે તપાસ કરાવો. વિવાહિત જીવન સુખી રહેશે અને આર્થિક સ્થિતિ મજબૂત થવાના કારણે ભંડોળમાં વૃદ્ધિના સંકેત મળશે.

**વૃશ્ચિકઃ** વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. પ્રેમ જીવનમાં તમને ભેટ મળશે.

**ધનઃ** વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઇચ્છિત સહયોગ મળશે. જો તમે નોકરી કરો છો તો તમારા અધિકારો વધશે અને જવાબદારી વધશે. વિદ્યાર્થીઓને આર્થિક સંકટમાંથી રાહત મળશે.

**મકરઃ** તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. રોજગાર ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે. આકસ્મિક ધન લાભ થવાના યોગ બની રહ્યા છે.

**કુંભઃ** ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે. પિતાનું માર્ગદર્શન તમને મુશ્કેલ નિર્ણયો લેવામાં મદદ કરશે.

**મીનઃ** ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે. લવ લાઇફમાં વધારે અપેક્ષાઓ નિરાશા તરફ દોરી શકે છે. તમારા ભાઈની આર્થિક સ્થિતિ મજબૂત રહેવાથી તમે ખુશ થશો અને તમારો ભાર પણ ઓછો થશે.



## ફિલ્મી ગપશપ

# 'સરદારજી-૩'ના વિવાદ બાદ એમ્મી વિર્ક શું 'બોર્ડર-૨'માં દિલજીત દોસાંઝની જગ્યા લેશે?

મુંબઈ : પંજાબી મ્યુઝિક ઈન્ડસ્ટ્રીના સુપરસ્ટાર દિલજીત દોસાંઝ આજકાલ ચર્ચામાં છે. એક તરફ તેની નવી ફિલ્મ 'સરદાર જી ૩'ને લઈને ચર્ચાઓ થઈ રહી છે, તો બીજી તરફ સોશિયલ મીડિયા પર પણ આ વિવાદે જોર પકડ્યું છે.

વાસ્તવમાં દિલજીતની આ ફિલ્મનાં ટ્રેલરમાં પાકિસ્તાની અભિનેત્રી હનિયા આમિરની હાજરીએ વિવાદ જગાવ્યો છે. ટ્રેલર લોન્ચ થયાં બાદ કેટલાક યૂઝર્સે દિલજીત પર સોશિયલ મીડિયા પર બેન લગાવવાની માંગ શરૂ કરી દીધી હતી. આ દરમિયાન ફિલ્મ 'બોર્ડર-૨' સાથે જોડાયેલી એક મોટી ખબર સામે આવી રહી છે.

એમ્મી વિર્કની ટીમે શું કહ્યું

એમ્મી વિર્કની ટીમનાં એક સૂત્રએ જણાવ્યું હતું કે, 'આ માત્ર અફવાઓ છે. અત્યાર સુધી અમને આ ફિલ્મને લઈને કોઈ ફોન આવ્યો નથી. આ નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું છે કે ન તો એમ્મી વિર્કને આ ફિલ્મ માટે કોઈ ઓફર મળી છે કે ન તો તે 'બોર્ડર-૨'નો ભાગ બનવાનો છે. એટલે કે હાલ દિલજીતના રિપ્લેસમેન્ટના સમાચાર માત્ર અફવાઓ છે જેની પુષ્ટિ થઈ નથી.

શું છે મામલો

હાલમાં જ દિલજીત દોસાંઝની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'સરદારજી-૩'નું ટ્રેલર રિલીઝ થયું હતું, જેમાં હનિયા આમિર પણ જોવા મળી હતી. હનિયા એક જાણીતી પાકિસ્તાની અભિનેત્રી છે. ટ્રેલરમાં તેની હાજરીને લઈને સોશિયલ મીડિયા પર હંગામો થયો હતો.

ઘણાં લોકોએ ફિલ્મ અને દિલજીતના પ્રોજેક્ટ્સ પર પ્રતિબંધ લગાવવાની માંગ શરૂ કરી દીધી હતી. આના પર દિલજિતે સ્પષ્ટતા કરી હતી કે જ્યારે ફિલ્મનું શૂટિંગ થયું ત્યારે બધું સામાન્ય હતું અને હાલની પરિસ્થિતિ પર તેનો કોઈ કાબૂ નથી.

શું દિલજીત દોસાંઝને બોર્ડર-૨માંથી હટાવાયો ?

આ હોબાળા વચ્ચે એવા અહેવાલો પણ આવ્યાં હતાં કે દિલજીત દોસાંઝને તેની આગામી ફિલ્મ 'બોર્ડર-૨'માં રિપ્લેસ કરવામાં આવી શકે છે અને તેની જગ્યાએ સિંગર અને એક્ટર એમ્મી વિર્કને લેવામાં આવશે.

આ સમાચારે ચાહકોમાં ખળભળાટ મચાવી દીધો હતો. જોકે હવે આ સમગ્ર મામલે એમ્મી વિર્કની ટીમ તરફથી પ્રતિક્રિયા આવી છે, જેનાં કારણે પરિસ્થિતિ અમુક અંશે સાફ થઈ ગઈ છે.

'બોર્ડર-૨' પર સસ્પેન્સ યથાવત

હાલમાં 'બોર્ડર-૨'ને લઈને દર્શકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ ફિલ્મમાં સની દેઓલ અને અહાન શેટ્ટી પણ મુખ્ય ભૂમિકામાં છે. જોકે સોશ્યલ મિડિયા પર ઊભાં થયેલાં વિવાદોને કારણે દિલજિત આ ફિલ્મમાંથી બાકાત રહે એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

પરંતુ હજુ સુધી આ વિષયમાં પ્રોડક્શન હાઉસ કે ફિલ્મ સાથે સંકળાયેલી કોઈ ટીમ તરફથી કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી. હવે બધાની નજર એ વાત પર છે કે દિલજીત દોસાંઝ 'બોર્ડર ૨'નો ભાગ બનશે કે પછી તેની જગ્યાએ કોઈ અન્ય કલાકારને લેવામાં આવશે.

અમદાવાદમાં ટાઇલ્સના કુશળ કારીગર તરીકે કામ કરતા અનિલભાઇનું ડીએનએ મેચ થતા પાર્થિવદેહના અંશોનો પરિવારે પ્રતિકાત્મક અંતિમ સંસ્કાર કર્યો


# અમદાવાદ ગોઝારી વિમાની દુર્ઘટના:અંતિમ ડીએનએ મેચ: વિમાનમાં પ્રવાસ કરતા ૨૪૧ સહિત ૨૭૦ના મૃત્યુની પુષ્ટિ

(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૮

અમદાવાદની વિમાની દુર્ઘટનામાં ગત તા. ૧૨થી આજ સુધી મૃતકોના ડીએનએ મેચ કરવાની અને તેમના પાર્થિવદેહના અંશો જે તે કુટુંબીજનોને સોંપવાની કામગીરી પૂરી થઈ છે અને અત્યાર સુધીમાં આ દુર્ઘટનામાં કુલ ૨૬૦ લોકોના મૃત્યુ થયાનું નિશ્ચિત થયું છે.

ગઈકાલે આ પ્રક્રિયા દરમ્યાન આખરી ડીએનએ મેચ થયું હતું અને તેથી તે દિવંગતના પરિવારજનોને આ પાર્થિવ દેહ સુપ્રત કરવામાં આવ્યો હતો જે સાથે હવે ડીએનએ મેચીંગની કામગીરી પૂરી થઈ છે. વિમાનમાં ક્રુ મેમ્બર સહિત ૨૪૨ લોકોમાંથી એક સદનસીબ બચી ગયા છે જયારે ૨૪૧ લોકોના મૃત્યુ થયા છે.

જયારે ડીએનએ મેચ ૨૬૦ના થતા ૧૯ લોકો જમીન પર વિમાની કાટમાળ પડવાને કારણે મૃત્યુ પામ્યા હોવાનું નિશ્ચિત થયું છે અને આ દુર્ઘટનામાં કોઈ વ્યકિત ગુમ થયા હોય કે ડીએનએ મેચ ન થયું હોય તેવું રહ્યું નથી અને આથી અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ડીએનએ મેચીંગની પ્રક્રિયા બંધ કરવામાં આવી છે.આ ઉપરાંત હવે જે મૃતદેહોના અંશો બચ્યા છે તે અત્યંત ખરાબ હાલતમાં હોવાથી તેના ફકત સેમ્પલ લેવામાં આવ્યા છે પણ તે કોઈ અલગથી વ્યકિતના ડીએનએ નહીં હોય તેવું માનવામાં આવે છે કારણ કે તે ડીએનએના અન્ય મૃતદેહો સુપ્રત થઈ ગયા છે.



### અમદાવાદની સિવિલ હોસ્પિટલ ડીએનએ મેચીંગ પ્રક્રિયા પૂરી કરી : હવે કોઇ મૃતદેહ સોંપવાનો બાકી નથી : પાર્થિવદેહના વધેલા અંશોનો આદરપૂર્વક સામુહિક અંતિમ સંસ્કાર પણ કરાયા છતાં ડીએનએ પ્રિન્ટ લેવાઇ

છેલ્લુ ડીએનએ જે મેચ થયું તે અનિલ નામના વ્યકિતનું હતું અને તે વ્યકિત વિમાનમાં સીટ નં. ૨૧-જી પર પ્રવાસ કરતા હતા તેઓ પ્રથમ વખત લંડન જઈ રહ્યા હતા અને છ મહિના સુધી રોકાવાના હતા.

અગાઉ તેઓ શેસલસમાં કામ કરતા હતા અને કૌટુંબિક વ્યાપાર સંભાળવા માટે તેઓ ભારત પરત આવ્યા હતા અને ખાસ કરીને તેઓ ફલોરીંગના માસ્ટરના ગણાતા હતા. અને ટાઈલ્સ ફીટ કરવાની તેમની જે ખુબી હતી તેનાથી તેમનો વ્યાપાર વધ્યો હતો.

હવે તેમના પત્ની અને બે પુત્રીઓ જેમાં એક તો હજુ પાંચ માસની જ છે. મૃતકના પ્રતિકાત્મક અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા જોકે તેમના કુટુંબે ૧૨ દિવસ પહેલા જ ધાર્મિક વિધિ મુજબ તમામ પ્રક્રિયાઓ પૂરી કરી હતી.

સીવીલના સુપ્રિ. ડો. રાકેશ જોશીએ પ્રથમ દિવસથી જ આ કામગીરીનું સુપરવિઝન કર્યુ હતું અને એક એક વ્યકિતના ડીએનએ મેચ થાય તે નિશ્ચિત કર્યુ હતું. આમ તેઓએ પણ પોતાના સાથીદારોનો આભાર માન્યો હતો.

# હ્રદાન પટેલ દ્વારા લખાયેલ નોસ્ટાલ્જિક કવિતાઓના પુસ્તકનું વિમોચન કરાયું



(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૮

અમદાવાદ બુક ક્લબ દ્વારા આયોજિત - કર્મા ફાઉન્ડેશનની પહેલથી તાજેરતમાં છસ્છ ખાતે અમદાવાદ બુક ક્લબે યુવાન કવિ હ્રદાન પટેલ દ્વારા લખાયેલ પ્રથમ સંગ્રહ નોસ્ટાલ્જિક કવિતાઓના હૃદયસ્પર્શી વિમોચનનું આયોજન કર્યું હતું. લાગણીઓ અને પ્રતિબિંબોનું ટેપેસ્ટ્રી, આ પુસ્તકમાં તેમના સ્વર્ગસ્થ પિતાને હૃદયસ્પર્શી શ્રદ્ધાંજલિ શામેલ છે - એક કવિતા જે તેની સરળતા દ્વારા ઘણું બધું કહી જાય છે. ખુબ સુંદર રીતે વર્ણવેલ હ્રદાનની લાગણીઓ, જૂની સ્મૃતિઓ અને તેનાં પિતા સાથે વિતાવેલ યાદોને કાવ્યાત્મક આકાર આપી સુંદર રચના પુસ્તિકાના માધ્યમથી પ્રકાશિત કરવામાં આવી છે.આ વિમોચન કાર્યક્રમમાં ABC ના પ્રમુખ શ્રી મધુ મેનન, હ્રદાનના દાદા-દાદી, તેની માતા અને કર્મા ફાઉન્ડેશનના સાહિત્યિક સલાહકાર શ્રદ્ધા આહુજા રામાણી ઉપસ્થિત રહ્યા હતા. હ્રદાન અને ABC સમિતિના સભ્ય ખ્યાતિ ચાવલા વચ્ચેની હૃદયસ્પર્શી અને વિચારશીલ વાતચીતે શ્રોતાઓને કવિની યાત્રાની ઝલક આપી.માત્ર એક સાહિત્યિક કાર્યક્રમ કરતાં વધુ, સવાર સ્મૃતિ, ભાવના અને શબ્દોની શાંત શક્તિનો ઉત્સવ બની ગઈ. નોસ્ટાલ્જિક કવિતાઓ આપણને યાદ અપાવે છે કે સૌથી નાના અવાજો પણ કાલાતીત પડઘા વહન કરી શકે છે.તારીખ ૨૨ જૂન રમણીય રવિવારે સવારે અમદાવાદ બુક ક્લબ દ્વારા આયોજીત આ પુસ્તક વિમોચન કાર્યક્રમમાં હ્રદાન પટેલના દાદી ઈલાક્ષીબેનનો વાત્સલ્ય પ્રેમ ખુબ જ ઝળહળતો હતો અને એની સાથે કાવ્ય, સંવેદના તેમજ પરિવારની આસપાસ સ્નેહ ભેગું થયું ત્યારે આ પ્રસંગ સુંદર બન્યો હતો.આ મંગળ ટાણે સ્નેહીજનો, મિત્રો, સાહિત્ય પ્રેમીઓની ઉપસ્થિતિ સૌએ આનંદ અનુભવ્યો.

૨૭ જુનની સ્થિતિએ દાયકાનો સૌથી વધુ વરસાદ : ચોમાસું પણ રેકોર્ડબ્રેક ગતિએ દોડયુ

# ગુજરાતમાં 30 ટકા વરસાદ વરસી ગયો : છેલ્લા ૧૦ વર્ષનો રેકોર્ડ

**સામાન્ય રીતે સરેરાશ ૧૩૫ મીમી વરસાદની સરખામણીએ આ વર્ષે ડબલ પાણી વરસી ગયુ : હજુ થોડા દિવસ ચોમાસું સક્રિય રહેવાની આગાહી**



અમદાવાદ,તા.૨૮

ગુજરાતમાં નૈઋત્ય ચોમાસુ સક્રિય છે અને અત્યાર સુધીમાં સિઝનનો ૩૦ ટકાથી વધુ વરસાદ થઈ ગયો છે કે છેલ્લા ૧૦ વર્ષનો રેકોર્ડ છે. રાજયમાં ગત ૭મી જુનની સ્થિતિએ રાજયનો સરેરાશ વરસાદ માત્ર ૭ મીમી જ હતો જે હવે ૨૬૦ મીમીથી વધુ થઈ ગયો છે. માત્ર ૨૦ દિવસમાં જ સરેરાશ ૨૫૦ મીમી વરસાદ થયો છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરનાં રીપોર્ટ એવુ સુચવે છે કે ગુજરાતમાં છેલ્લા ૧૦ વર્ષનો જુન મહિનાનો સૌથી ભારે ઝડપી વરસાદ છે. છેલ્લા પાંચ વર્ષમાં ૨૭ જુનની સ્થિતિએ સરેરાશ ૧૦.૬ ટકા વરસાદ થયો હોય છે. ગત ૨૦૨૦ ના વર્ષમાં સૌથી વધુ ૧૧૮ મીમી (૧૪ ટકા) પાણી વરસ્યુ હતું.

હવામાન ખાતાનાં રીપોર્ટ પ્રમાણે ગુજરાતમાં ૨૭ જુન સુધીમાં સરેરાશ ૧૩૫ મીમી વરસાદ થતો હોય છે તે આ વર્ષે ડબલ થયો છે. સુરત, ભાવનગર, જામનગર જેવા જીલ્લાઓમાં છેલ્લા ૧૦ દિવસમાં જ ભારે વરસાદ થયો છે. રાજયના એકપણ જીલ્લા કે તાલૂકા વરસાદ વિનાના નથી. ૩૪ માંથી ૨૨ જીલ્લામાં ૨૫ ટકા કે તેથી વધુ વરસાદ થઈ ગયો છે.

ગુજરાત હવામાન વિભાગના ડાયરેકટર અશોકકુમાર દાસે જણાવ્યું હતું કે આ વર્ષે સમગ્ર દેશમાં સરેરાશ વરસાદ નોર્મલ કરતા પણ વધુ રહેવાની આગાહી છે. ગુજરાત માટે પણ સમાન સ્થિતિ છે.

અરબી સમુદ્રથી માંડીને બંગાળની ખાડી સુધી મજબુત ટ્રફ જોવા મળ્યો છે.

ઉપરાંત ગુજરાત તથા રાજસ્થાન પરના સાયકલોનીક સરકયુલેશનથી ફાયદો થયો છે. પરિણામે સામાન્ય વર્ષો કરતાં આ વખતે વધુ વરસાદ થયો છે.

સામાન્ય રીતે ગુજરાતમાં વરસાદના મુખ્ય મહિના જુલાઈ અને ઓગસ્ટ ગણાય છે. આ બે મહિનામાં ચોમાસું સક્રિય રહીને સારો વરસાદ વરસાવે છે. આવતા થોડા દિવસો હજુ ગુજરાતમાં ચોમાસુ સક્રિય રહેવાની અને લગભગ તમામ ભાગોમાં વરસાદ થવાની સંભાવના છે.

રાજયમાં ચાલુ વર્ષે ચોમાસા-વરસાદ સંબંધીત દુર્ઘટનાઓમાં ૩૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. સુરત તથા ઉતર ગુજરાતમાં ભારે વરસાદે કહેર સર્જયો છે અને ઘણુ નુકશાન પણ કર્યું છે.

જાણકારોનાં કહેવા પ્રમાણે ગુજરાતમાં છેલ્લા બે દાયકાથી વરસાદી પેટર્નમાં બદલાવ જોવા મળી રહ્યો છે. વર્ષોથી અછતગ્રસ્ત ક્ષેત્રનું લેબલ ધરાવતાં સૌરાષ્ટ્ર-કચ્છમાં વધુ વરસાદ થવા લાગ્યો છે.

આ વખતે પણ દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં એક સાથે ચોમાસાનો પ્રવેશ થયો છે અને પછીનાં બે જ દિવસમાં રાજયભરમાં છવાઈ ગયુ હતું. ૪૮ કલાકમાં જ સમગ્ર રાજયને ચોમાસાએ કવર કરી લીધુ તે અત્યાર સુધીનુ સૌથી ઝડપી છે.

# જેટલા સાચા હશો તેટલા જ એકલા હશો, કેમકે લોકોને સાચું જાણવું છે પણ સ્વીકારવું નથી!



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા

માનવી માનવ થાઉં તો ઘણું.. અષાઢી બીજે સંસ્કાર નગરી અમદાવાદમાંથી ૧૪૮મી રથયાત્રા દર વર્ષની જેમ હાથીઓ, શણગારેલી ટ્રકો હજારો ભાવિક ભક્તો, સુરક્ષા કર્મચારીઓ સાથે ભક્તિ ભાવથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પહિંદ વિધિ મંગળા આરતી કરી પ્રસ્થાન કરાવ્યું.ટેકનોલોજી કેટલીક વખત લાભ કરાવે તેટલું નુકસાનકર્તા પણ નિવડે.. ડી.જે. સંગીતના ઊંચા અવાજે પ્રસારણ કરે છે પણ તેની આડ અસર પણ થાય છે ઘણા કિસ્સા જોવા સાંભળવા મળ્યા કે ડી.જે.ના એ તીવ્ર અવાજથી હાર્ટ એટેક આવ્યો હોય..આ રથયાત્રામાં ડી. જે.ના તીવ્ર અવાજથી કંટાળીને એક હાથીના મગજની કમાન ખાડિયા વિસ્તારમાં છટકી.. ખાડિયા એટલે સ્વ.અશોક ભટ્ટને યાદ કરવા જ રહયા ગુજરાતમાં મોંઘવારીનો રાક્ષસ બે કાબુ થતો ત્યારે સ્વ.અશોક ભટ્ટના મગજની કમાન છટકે અને આખું ખાડીયા નહી ગુજરાત સરકારને હચ મચાવતા હાથીને ડી.જે. ના શોરથી છટકેલો ત્યારે હવે માણસે બોધ પાઠ લેવા જેવો છે જે અબોલ પ્રાણીનેય આટલો મોટો શોરબકોર નથી ગમતો તો આપણે શા માટે કરીએ છીએ. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો બ્રહ્મચર્યા કરનારા સુલભ છે.શુક દેવજી જેવી બ્રહ્મદષ્ટિ રાખનાર સુલભ નથી.શુકદેવજીને સ્રીમાં સ્રીત્વ દેખાતું નથી. તેને સર્વમાં બ્રહ્મ દેખાય છે. પુરુષત્વ અને સ્રીત્વનું સ્મરણ છેત્યાં સુધી કામ છે. તે સ્મરણ જાય એટલે કામ મરે છે.એવા પુરુષને ભાગવત ભણવાની જરૂર નથી.તો તે ભાગવત ભણવા ગયા શા માટે? શુકદેવજી ભિક્ષાવૃત્તિ માટે બહાર નીકળે છે, ત્યારે પણ ગોદોહન કાળથી એટલે કે છ મિનિટથી વધારે ક્યાંય થોભતા નથી,તો પછી સાત દિવસ બેસી તેમણે આ કથા પરીક્ષિત રાજાને કહી કેવી રીતે? અને પરીક્ષિત ભગવાનનો મોટો પ્રેમી ભક્ત હતો તેને શ્રાપ થયો શા માટે?આ પ્રશ્નોના જવાબ માં સૂતજી કહે છે,‘સાંભળોદ્વાપર યુગની સમાપ્તિનો સમય હતો. વ્યાસ નારાયણ સરસ્વતી નદીના કિનારે વ્યાસાશ્રમમાં બિરાજતા હતા.એવામાં તેમને કળિયુગનાં દર્શન થયાં.પાંચ હજાર વર્ષ પછી દુનિયામાં શું થશે તે તેમણે પ્રત્યક્ષ જોયું. તેમણે બારમા સ્કંધમાં આનું વર્ણન કર્યું છે.’

વ્યાસજીએ જોયું કે,કળિયુગમાં લોકો વિલાસી થશે, બુદ્ધિહીન થશે, વેદશાસ્રનું અધ્યયન કરી શકશે નહીં. તેથી વેદોનો અર્થ સમજાવવા તેમણે પુરાણોની રચના કરી.સ્રી,શુદ્ર,પતિત, દ્વિજાતિ વેદ શ્રવણના અધિકારી નથી એમનું પણ કલ્યાણ થાય એમ વિચારી મહાભારતની રચના કરી. મહાભારત એ સમાજશાસ્ર છે. મહાભારત એ પાંચમો વેદ છે. ભા નો અર્થ થાય છે જ્ઞાન.રત એટલે રમવું.જ્ઞાન અને ભક્તિમાંરમવાની કળા જે ગ્રંથમાં બતાવી છે તે મહાભારત. જ્ઞાનમાં જીવ જયારે રમણ કરવા જાય છે ત્યારે કૌરવો વિઘ્ન કરે છે.ધર્મક્ષેત્ર કહો કે, કુરુ ક્ષેત્ર કહો તે આ શરીર જ છે. ધર્મ-અધર્મનું યુદ્ધ તેમાં થાય છે. મહાભારત દરેકના મનમાં અને ઘરમાં ભજવાય છે.સવૃત્તિઓ અને અસવૃત્તિઓનું યુદ્ધએ

મહાભારત.

જીવ ધૃતરાષ્ટ્ર છે. જેને આંખ નથી તે ધૃતરાષ્ટ્ર નથી, પણ જેની આંખમાં કામ છે તે આંધળો ધૃતરાષ્ટ્ર છે. આંધળો કોણ? તો કહે છે કે જે વિષયાનુરાગી તે આંધળો દુઃખ રૂપ કૌરવો એકવાર ધર્મને મારવા જાય છે. યુધિષ્ઠિર અને દુર્યોધન રોજ લડે છે. દુર્યોધન આજે પણ જીવે છે. સવારે ચાર વાગે ધર્મરાજા કહે છે, ઊઠ,સત્કર્મ કર!ત્યારે દુર્યોધનકહે છે: વહેલા ઊઠવાની શું જરૂર છે? આરામ કર! ધર્મ અને અધર્મ આ પ્રમાણે અનાદિ કાળથી લડે છે. દુષ્ટ વિચારરૂપી દુર્યોધન મનુષ્યને ઊઠવા દેતો નથી.

દુર્યોધન એ અધર્મ છે. યુધિષ્ઠિર ધર્મનું સ્વરૂપ છે.ધર્મરાજાની જેમ મનુષ્યને પ્રભુ પાસે લઈ જાય છે, અને તેનો વિનાશ કરે છે,ધર્મરૂપી યુધિષ્ઠિર ઈશ્વરને શરણે જાય તો ધર્મનો વિજય થાય છેઅને અધર્મ રૂપી દુર્યોધનનો વિનાશ થાય છે. આટલા ગ્રંથોની રચના કરી તેમ છતાં વ્યાસજીના મનને શાંતિ મળતી નથી. તેઓ આ અશાંતિનું કારણ શોધે છે.બહાર નહીં, અંદર પોતાની અંદર!લોકો પુણ્યને યાદ કરશે. પરંતુ પાપને કોઈ યાદ કરતું નથી.વ્યાસજીને ચિંતા થાય છે કે મારે હાથ કાંઈ પાપ તો થયું નથી ને?ના,ના,હું નિષ્પાપ છું.પણ મને મનમાં કાંઈક ખટકે છે. મારું કોઈ કાર્ય અધુરું છે.

મનુષ્યને પોતાની ભૂલ જલદી દેખાતી નથી, અને દેખાય ત્યારે સમજવું કે પ્રભુની કૃપા થઈ.જ્ઞાન, ધન અને માન સુપાત્રને મળે તો તે સુખી થાય છે.અનાધિકારીને જ્ઞાન મળે તો એ બીજાની ભૂલો જુએ છે.એનું જ્ઞાન ભક્તિમાં વિઘ્ન કરનારું થાય છે. માટે જગતમાં કોઈનો પણ દોષ જોશો નહીં. પોતાના મનને સુધારો.કોઈ તમારી ભૂલ બતાવે તો એનો ઉપકાર ભૂલશો નહીં.

વ્યાસજી જ્ઞાની છે છતાં પોતાની ભૂલ શોધે છે. મનુષ્યોનો મોટામાં મોટો દોષએ પોતાને નિર્દોષ સમજે છે એ છે. નિર્દોષ એક ઈશ્વર છે.

બ્રહ્માજીની સૃષ્ટિ ગુણદોષથી ભરેલી જ છે.કોઈપણ વસ્તુ ગુણ દોષ વિનાની નથી.દૈવી સૃષ્ટિ આસુરી સૃષ્ટિ અનાદિકાળથી છે. કોઈનો દોષ જોશો નહીં.કોઈનું પાપ જોશો નહીં અને કોઈના પાપનો વાણીથી ઉચ્ચાર કરશો નહીં,તો તમે સંત બનશો.દૃષ્ટિ ગુણ દૃષ્ટિ બનાવો. આટલું કરશો તો તમે સંત થશો. સંત થશો તો તમને સંત મળશે.વ્યાસજીવિચારે છેકે,મને કોઈ સંત મળે તો તે ભૂલ બતાવે.સત્સંગ વગર મનુષ્યને પોતાના દોષનું ભાન થતું નથી.

વ્યાસજીના સંકલ્પથી પ્રભુએ નારદજીને ત્યાં આવવા પ્રેરણા કરી. કીર્તન કરતા કરતા નારદજી ત્યાં પધારે છે. ગંગાજીને આનંદ થયો છે કે આ મહાવૈષ્વણો મારા શ્રીકૃષ્ણની કથા કરશે,ને તે કથા- ગંગા અનેક જીવોનું કલ્યાણકરશે નારદજી કહે છે કે,મને લાગે છે તમે કાંઈક ચિંતામાંછો.આમ કેમ?

વ્યાસજી કહે છેકે,મારી કાંઈક ભૂલ થઈ છે,પણ મને ભૂલ જડતી નથી.કૃપા કરી મને મારી ભૂલ બતાવો હું તમારો ઉપકાર માનીશ

નારદજીએ કહ્યું :‘મહારાજ, આપ નારાયણના અવતાર છો.તમારી ભૂલ શું થાય? છતાં આપ આગ્રહ કરો છો તો એક વાત કહું છું. આપે વેદાંતની ખૂબ ચર્ચા કરી, યોગની બહુ ચર્ચા કરી, પુરાણોમાં વર્ણાશ્રમ ધર્મનું વર્ણન કર્યું. પરંતુ ધર્મ, જ્ઞાન અને યોગ એ સર્વના આધાર શ્રીકૃષ્ણ છે તેની કથા આપે વર્ણવી નથી. કળિયુગના જીવોનો ઉદ્ધાર કરવા તમારો જન્મ થયો છે.તમારું તે અવતાર કાર્ય હજુ બાકી છે, તેથી તમારા મનમાં ખટકો છે, જ્ઞાની પુરુષ પણ પરમાત્માના પ્રેમમાં પાગલ ન થાય ત્યાં સુધી તેને આનંદ મળતો નથી. પ્રભુ મિલન માટે જે આતુર થતો નથી, તેનું જ્ઞાન શું કામનું?આપે યોગ- જ્ઞાન વગેરેની ખૂબ ચર્ચાઓ કરી પણ ભગવાનની લીલા કથા ઓનું તમે પ્રેમથી વિસ્તારપૂર્વક વર્ણન કરેલું નથી. આપે કર્મ માર્ગનું પ્રવૃત્તિ ધર્મનું વર્ણન કર્યું, નિવૃત્તિ ધર્મનું પણ વર્ણન કર્યું.સન્યાસને પ્રાધાન્ય આપ્યું,નિવૃત્તિને પ્રાધાન્ય આપ્યું. પરંતુ મને એમ લાગે છે કે આ બંને માર્ગો કળિયુગમાં ઉપયોગી થશે નહીં.તમે મધ્યમ રસ્તો બતાવો.શ્રીકૃષ્ણની લીલા કથાઓ નું તમે પ્રેમથી ગાન કરેલું નથી.તેથી તમને દુઃખ થાય છે.આ જ તમારી અશાંતિનું કારણ છે. કર્મ કરો,પણ તે શ્રીકૃષ્ણપ્રેમ વિના નું હોય તો તેની કિંમત થતી નથી શ્રી કૃષ્ણપ્રેમ વિના કર્મ વ્યર્થ છે, શ્રી કૃષ્ણપ્રેમ વિના યોગ વ્યર્થ છે, શ્રી કૃષ્ણપ્રેમ વિના જ્ઞાન પણ વ્યર્થ છે પરમાત્મા જેને પોતાના ગણે તેને જ પોતાનું અસલી સ્વરૂપ બતાવે છે.પ્રભુએ પોતાનું નામ પ્રગટ રાખ્યું છે, પણ પોતાનું સ્વરૂપ છુપાવ્યું છે.

અરે! સામાન્ય જીવ પણ પારકા માણસોના દેખતાં તિજોરી ઊઘાડતો નથી.પણ જેના તરફ પ્રેમ હોય તેને વગર કહ્યે બધું બતાવે છે. મોટો જ્ઞાની હોય પણ જ્યાં સુધી તે પરમાત્મા સાથે પ્રેમ ન કરે ત્યાં સુધી તેને પરમાત્માનો અનુભવ થતોનથી.અરે બૂટમોજાં સાથે,કપડાં સાથે, પૈસા સાથે પ્રેમ કરે એ કાંઈ જ્ઞાની કહેવાય? આજકાલ લોકો પુસ્તક વાંચીને જ્ઞાની બની જાય છે. તેને ગુરુની સેવા કરવાની જરૂર પડતી નથી, તેને બ્રહ્મચર્ય પાળવાની જરૂર લાગતી નથી.નારદજીએ વ્યાસ જીને બરાબર સંભળાવી દીધું કે, શ્રીકૃષ્ણના પ્રેમમાં તમે પાગલ બનશો તો જ તમને શાંતિ મળશે. આપે પ્રેમમાં પાગલ થઈ તમે શ્રીકૃષ્ણ કથાનું વર્ણન કર્યું નથી, તે હવે કરો. જીવ પાસે ઈશ્વર બીજું કાંઈ માંગતો નથી, ફક્ત પ્રેમ માગે છે.

વાતવાતમાં મગજ ગુમાવી બેસનારો મનુષ્ય યોગ શું સિદ્ધ કરવાનો હતો? જેની ભોગમાં આસક્તિ છે તેનું શરીર સારું રહેતું નથી.દ્રવ્યમાં જેનીઆસક્તિ છે તેનું મન સારું રહેતું નથી. ભોગાસક્તિ તનને બગાડે છે અને દ્રવ્યોસક્તિ મનને બગાડે છે.વાતો બ્રહ્મજ્ઞાનની કરે અને પ્રેમ પૈસા સાથે કરે, તેને પરમાત્મા મળતા નથી. તેને આનંદ મળતો નથી. માટે હવે આપ કથા કરો કે સર્વને પ્રભુ પ્રત્યે પ્રેમ જાગે. એવી દિવ્ય કથા કરો, એવું પ્રેમ શાસ્ર બનાવો કે સહુ શ્રીકૃષ્ણ પ્રેમમાં પાગલ બને કથા શ્રવણ કરનારને કનૈયો વહાલો લાગે અને સંસાર તરફ સુગ આવે એવી કથા તમે કરશો તો તમને શાંતિ મળશે.અસ્તુ.



## અગાઉની સરખામણીએ આજની શાળાઓ ટેકનોલોજીની દ્રષ્ટિએ અત્યાધુનિક થઈ રહી છે:ધારાસભ્ય

# ધારાસભ્ય સરદારભાઈ ચૌધરી અને માહિતી નિયામક કે. એલ.બચાણીની ઉપસ્થિતિમાં ખેરાલુ પંથકના મહાદેવપુરા, મલેકપુર અને બળાદ ગામે યોજાયો શાળા પ્રવેશોત્સવ





(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૫ના ત્રીજા દિવસે ખેરાલુના ધારાસભ્ય શ્રી સરદારભાઈ ચૌધરી અને માહિતી નિયામકશ્રી કે. એલ.બચાણીની ઉપસ્થિતિમાં મહાદેવપુરા પ્રાથમિક શાળા, મલેકપુર પ્રાથમિક શાળા અને બળાદ ખાતે ચૌધરી પી.જી. આર હાઈસ્કુલમાં બાળકોને શૈક્ષણિક કીટ આપી શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી સરદારભાઈ ચૌધરીએ જણાવ્યું કે ભૂતકાળમાં શાળાઓમાં સારી સુવિધાઓ ન હતી પરંતુ વર્તમાન વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશા દર્શનમાં શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમો થકી શાળાઓમાં માળખાકીય સુવિધાઓમાં આમૂલ પરિવર્તન આવ્યું છે આજની શાળાઓ ટેકનોલોજીની રીતે અત્યાધુનિક થઈ રહી છે.

માહિતી નિયામકશ્રીએ જણાવ્યું હતું કે શાળા પ્રવેશોત્સવ જેવા મહાયજ્ઞના પ્રોત્સાહક પરિણામો આજે બાળકોના માતા-પિતા સહીત સમગ્ર સમાજને મળી રહ્યા છે. તેમણે જણાવ્યું કે શિક્ષણ એ વિદ્યાર્થીઓના જીવનમાં ચમત્કાર સર્જી શકે છે. રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ શિક્ષણલક્ષી યોજનાઓ અમલમાં છે. આવી યોજનાઓનો મહત્તમ લાભ લઈને પોતાના સંતાનોનું શિક્ષણ સુનિશ્ચિત કરવું એ સૌ મા-બાપની જવાબદારી છે.

માહિતી નિયામકશ્રીએ કહ્યું કે, પોતાના ગામની શાળાને આદર્શ શાળા બનાવવા માટે શિક્ષકોએ અને SMC કમિટીએ શાળા શિક્ષણકાર્યને વધુ ગુણવત્તાયુક્ત બનાવવાની દિશામાં વધુને વધુ પ્રયાસો થાય તેવા આયોજનોને પ્રોત્સાહન આપવું જોઈએ.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવના હસ્તે શાળાના તેજસ્વી તારલાઓને વિવિધ સ્તરે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ સ્વાગત ગીત, પ્રાર્થના, તેમજ સમાજ ઉપયોગી વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરી કાર્યક્રમની શોભામાં વૃદ્ધિ કરી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓ, વાલીઓ, સ્થાનિક અગ્રણીઓ, દાતાશ્રીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ઈડરના જાદરમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

# ઇડરના જાદર ખાતે આઈએએસ સ્તુતિ ચારણની ઉપસ્થિતિમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

(ગરવી તાકાત)ઈડર તા.૨૮

સાબરકાંઠા જિલ્લામાં ઈડર તાલુકાના જાદર ખાતે ચીફ એકઝ્યુટીવ ઓફિસર, વાસ્મો આઈએએસ સ્તુતિ ચારણની ઉપસ્થિતિમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં આઈએએસ સ્તુતિ ચારણે બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે બાળકોના વિકાસમાં શિક્ષણ એક મહત્વનો પાયો છે. બાળકોના સર્વાંગી વિકાસની જવાબદારી શિક્ષકો તેમજ માતા પિતાની સહિયારી છે.શાળા પ્રવેશોત્સવ બાળકના જીવનમાં અભ્યાસની દિશામાં એક પગથિયું છે.સરકારશ્રી દ્વારા નમો લક્ષ્મી યોજના તેમજ નમો સરસ્વતી યોજના જેવી યોજનાઓ થકી ઉચ્ચસ્તર ના શિક્ષણના પ્રોત્સાહન માટે પ્રયાસો થઈ રહ્યા છે.

વધુમાં તેમણે વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે વિસ્તારે માહિતી પૂરી પાડી હતી.



(તસ્વીર-અહેવાલ : રાકેશ નાયક,ઈડર)

આ કાર્યક્રમમાં આઈએએસ સ્તુતિ ચારણે બાલવાટિકાના ૨૨, ધોરણ -૧ ના ૩ અને આંગણવાડીના ૧૨ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપીને પ્રવેશ કરાવ્યો હતો. તેમજ જાદર હાઈસ્કુલ ખાતે ધોરણ-૯ ના ૧૧૪ અને ધોરણ ૧૧ ના ૫૭ વિદ્યાર્થીઓને પ્રવેશ કરાવ્યો હતો.

આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. આ સાથે શાળાના તેજસ્વી બાળકોને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેમજ શાળામાં દાન આપનાર દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ બાદ મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગામના સરપંચ, જિલ્લા જળ અને સ્વચ્છતા એકમના યુનિટ મેનેજર તૃષાબેન પટેલ,બીઆરસી કોઓર્ડીનેટર સહિત શાળાનો સ્ટાફ, વાલીઓ,નાના ભૂલકાઓ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## નવીન પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી શાળામાં આવકાર્યા

# વિસનગર આદર્શ વિદ્યાલય ખાતે 'આવકારનો આનંદ' અંતર્ગત શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણીનો ભવ્ય મહોત્સવ યોજાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત આદર્શ વિદ્યાલય, વિસનગર ખાતે તા-૨૭/૬/૨૦૨૫ ના રોજ 'આવકારનો આનંદ ' અંતર્ગત ધો-૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવ યોજાઈ ગયો.



આ કાર્યક્રમને શોભાવવા માટે સરકારી પ્રતિનિધિશ્રી મનીષભાઈ પટેલ (પ્રધ્યાપક, આઈ.ટી.આઈ, વિસનગર), શ્રી કૌશલભાઈ રાવલ (સી.આર.સી.કમાણા ક્લસ્ટર) તથા કેળવણી મંડળના પ્રમુખશ્રી કે.કે.ચૌધરી, શિક્ષણ સમિતિના પ્રમુખશ્રી ડૉ.સુરેશભાઈ ચૌધરી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શુભ શરૂઆત મહેમાનશ્રીઓના વરદહસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવી હતી. ત્યારબાદ શાળાની બાલિકાઓ દ્વારા પ્રાર્થના ગીત રજૂ કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલશ્રી દિનેશભાઈ ચૌધરીએ મહેમાનશ્રીઓનું શાબ્દિક સ્વાગત કરી અને પરિચય આપી શાળાની બાલિકાઓ દ્વારા મહેમાનોનું ફૂલછડી અને પુસ્તક અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. તથા નવીન પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી શાળા પ્રવેશોત્સવની રસમ પૂર્ણ કરી મુખ્યમંત્રી જ્ઞાન સાધના પરીક્ષામાં મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓને મહાનુભાવોના વરદહસ્તે ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. પ્રાસંગિક પ્રવચનમાં શાળાની વિદ્યાર્થીનીએ પર્યાવરણ વિશે તથા શિક્ષકશ્રી એમ.ડી.ચૌધરીએ સરકારશ્રી દ્વારા શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓને આપવામાં આવતી વિવિધ શિષ્યવૃત્તિ યોજનાઓની માહિતી આપી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ મહાનુભાવશ્રી ડૉ.સુરેશભાઈ ચૌધરી તથા સરકારી પ્રતિનિધિશ્રી કૌશલભાઈ રાવલ (સી.આર. સી.કમાણા ક્લસ્ટર) એ 'શિક્ષણ એ જ અમૂલ્ય ધન અને શિક્ષણ એટલે શિસ્ત, ક્ષમા અને સંસ્કારનો સમન્વય' વિશે પ્રાસંગિક પ્રવચન આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ સાથે મહાનુભાવોના વરદહસ્તે શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

અંતમાં આભારવિધિ શિક્ષકશ્રી ભરતભાઈ ચૌધરીએ કરી હતી તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાની બાલિકાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આમ સમગ્ર સ્ટાફમિત્રોના સહયોગથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## સફાઈના ત્રણેય ફોર્મેટની સંયુક્ત સફાઇ બાબતે લોકોમાં અસંતોષ છે

# પાલનપુર શહેરમાં પ્રિ-મોન્સૂન સફાઈ પાછળ ૯૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો પણ કામમાં 'વેઠ'




(ગરવી તાકાત) પાલનપુર તા.૨૮

પાલનપુરમાં પ્રિમોન્સૂન સફાઈ પાછળ પ્રથમવાર એક સાથે ૯૦ લાખ ખર્ચ કરવામાં આવ્યો છે. જેમાં લડબી નદી, શહેરના નાળાઓ, વરસાદી ચેમ્બરની સફાઈ કામગીરી કરવામાં આવી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. જોકે પ્રથમવાર જ નિયમોમાં બદલાવ કરીને ચેમ્બર, નાળા અને મશીનરીની સફાઈના ત્રણેય ફોર્મેટની સંયુક્ત સફાઇ બાબતે લોકોમાં અસંતોષ છે. જેને લઈ જુદા જુદા નાળાઓની રિયાલિટી ચેક કરી તો તેમાં તપાસ કરતા જોવા મળ્યું કે નાળા સફાઈના નામે માત્ર નાળાની ઉપરથી પ્લાસ્ટિકનું કચરો તેમજ આજુબાજુ ઊંઘી ગયેલું ઘાસ સાફ કરીને કામગીરી પૂરી કરવામાં આવી છે. પાલનપુર શહેરમાં આવેલા વોર્ડ નંબર ૮મા એંગોલા રોડ પરના આજુબાજુના નાળાઓ જે રોડ પરથી નજર સામે દેખાય છે. તેમને વ્યવસ્થિત સાફ કરવામાં આવ્યા, પરંતુ તેનાથી સહેજ ૫૦ મીટર અંદરના ભાગે નાળુ અધૂરું રાખી છોડી દેવાયું. એ જ રીતે આરટીઓ બ્રિજની સામે સોસાયટીની બાજુના કોટ પાસેનું નાળુ પણ સાફ સફાઈ કર્યા વિનાની હાલતમાં જોવા મળ્યું. જ્યારે સૌથી ખરાબ હાલત હરીપુરા નાળાની જોવા મળી. સ્થાનિકોએ જણાવ્યું કે આ જ દિવસ સુધી ક્યારે અહીં સફાઈ થઈ નથી. નક્ષત્ર હાઈટ્સ પાસે આવેલા નાળાની સફાઈ કરાઈ પરંતુ તેની સામે આવેલા માનસરોવર કેચી પર સફાઈ કરવામાં જ ન આવી.

## ભડથ પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ ભવ્યતાપૂર્વક ઉજવાયો

# ડીસા તાલુકાના ભડથ ગામે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો

(ગરવી તાકાત) ડીસા તા.૨૮

રાજ્યની શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા અને દીકરીઓને ઉત્તમ શિક્ષણ આપી તેમને ઉજ્જવળ કારકિર્દી ઘડવામાં મદદરૂપ થવાના ઉમદા ઉદ્દેશ્ય સાથે, બે દાયકા પૂર્વે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્ર મોદીજીએ વર્ષ ૨૦૦૩થી કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો.



આજે, રાજ્યના મુખ્યમંત્રી માન. શ્રી ભૂપેન્દ્ર પટેલજીના નેતૃત્વમાં અને યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીની પ્રેરણાથી શરૂ કરાયેલો આ કાર્યક્રમ એક વટવૃક્ષ બની બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે પથદર્શક બન્યો છે. આ જ કડીમાં, આજે ભડથ પ્રાથમિક શાળા ખાતે ભવ્ય શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં કાર્યપાલક ઈજનેર એન કે તેજોત ડેપ્યુટી સરપંચ હીરભા રૂપસિંહ વાઘેલા બળવતસિંહ વાઘેલા માજી જિલ્લા પંચાયત સદસ્ય શાળાના એસએમસી અધ્યક્ષ ઉપાધ્યક્ષ ભડથ સી.આર. સી ભડથ સેન્ટર શાળા તથા તમામ પેટા શાળાઓ ના આચાયશ્રીઓ તથા શિક્ષકશ્રીઓ ખાસ ઉપસ્થિત રહીને ભૂલકાઓને શાળામાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ગામના આગેવાનો, શાળાના આચાયશ્રી, શિક્ષકશ્રીઓ, સીઆરસી, ષ્ફઝ્ર કાર્યપાલક ઈજનેર શ્રી, શિક્ષણ લાયઝન અધિકારી, વાલીઓ અને ગામના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સાથે મળીને બાળકોના શિક્ષણ પ્રત્યેના આ પ્રથમ પગલાંને વધાવી લીધું હતું.

ત્યારે આ પ્રસંગે ડેપ્યુટી સરપંચ હીરભા વાઘેલા એ શાળાના તમામ બાળકોને નવીન પ્રવેશ મેળવનાર બાળવાટિકા તથા ધોરણ ૧ માં શૈક્ષણિક કીટ અને બેગ આપી ને ઉજ્જવલ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી.

ત્યારે આ પ્રસંગે શાળાના તમામ શિક્ષકો તથા ભડથ ગામના તમામ ગ્રામજનોએ ડેપ્યુટી સરપંચ હિરભા વાઘેલા ના આ કાર્યને બિરદાવવામાં આવયુ હતું

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના સિનિયર શિક્ષક શૈલેષભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું

# સંક્ષિપ્ત સમાચાર

## કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ અંતર્ગત સંજયનગર, ઈન્દીરાનગર તથા મહેસાણા કુમાર-કન્યા શાળામાં બાલવાટિકા તથા ધો.૧ માં ૪૩ નવિન બાળકોને આવકાર્યા



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ દરમ્યાન સંજયનગર, ઈન્દિરાનગર (લાખવડ ), મહેસાણા કુમાર કન્યા અને અંગ્રેજી માધ્યમ પ્રા શાળામાં મા.મુકાશકુમાર ડી.પટેલ ધારાસભ્યશ્રી મહેસાણા ઉપસ્થિત રહી આંગણવાડીમાં ૩૩ બાલવાટીકામાં ૧૭૩ અને ધોરણ ૧ માં ૪૩ નવીન બાળકોને પ્રવેશ અપાવ્યો. એસ.એમ.સી , સભ્યો અને સ્થાનિક વાલીઓ સાથે બાળકોની શૈક્ષણિક પ્રગતિ શાળાની જરૂરીયાતો, અને શાળામાં ઉદ્ભવતા પ્રશ્નો વિશે ચર્ચા કરી.સરકાર તરફથી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ દરમ્યાન બાળકોને લગતી વિવિધ શૈક્ષણિક યોજનાઓનો લાભ લેવા આહવાન કર્યુ.શાળા આરોગ્ય કાર્યક્મનું નિરીક્ષણ કર્યુ .બાળકોના શારિરીક પ્રગતિની વિગતે ચર્ચા કરી.સંજયનગર પ્રાથમિક શાળાના વિકાસ કાર્યો માટે ૫૦૦૦૦૦/ ૦૦ અંકે રુપિયા પાંચ લાખ રુપિયાની ગ્રાન્ટ ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્મ અને શૈક્ષણિક ઉત્કૃષ્ટ દેખાવ કરનાર બાળકોને ૧૧૦૦૦/૦૦ રુપિયા ઈનામ પેટે આપ્યા.આ કાર્યક્મમાં મ્યુ.કમિશનરશ્રી, પ્રાન્ત ઓફિસર શ્રી , ડે.મ્યુનિસિપલ કમિશનર, બી.આર.સી, સી.આર.સી કો.ઓર્ડીનેટર પણ ઉપસ્થિત રહ્યા.

# શહીદ વંદના ફાઉન્ડેશન દ્વારા શોર્ય સહાય કેમ્પ યોજવામાં આવ્યો



(તસ્વીર-અહેવાલ : ભરત ચૌધરી,વાવ)

(ગરવી તાકાત) વાવ તા.૨૮

શહીદ જવાનોના પરિવાર માટે,બોર્ડર પર તૈનાત જવાનો માટે,જરૂરિયાતમંદો માટે તથા ગૌ સેવા જેવા વિવિધ સેવાકીય કાર્યો કરતી સંસ્થા શહીદ વંદના ફાઉન્ડેશન દ્વારા આજ રોજ અષાઢી બીજ નિમિતે શ્રી લખાપીર દાદાના સાનિધ્યમાં ખીમાણાવાસ ખાતે શોર્ય સહાય કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું.જેમાં ખુબજ બહોળી સંખ્યા માં પધારેલ ભાવિક ભક્તોએ શહીદ જવાનોના પરિવાર માટે ઉદાર મતે ફાળો આપ્યો. આવેલ તમામ રકમ શહીદ જવાનોના પરિવાર ને આપવામાં આવશે. સંસ્થા દ્વારા શહીદ જવાનોના પરિવાર ને ૫૧,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે. આ શોર્ય સહાય કેમ્પ માં શ્રી લખાપીર દાદા મંદિર ટ્રસ્ટ અને શ્રી લખાપીર યુવક મંડળ ના ખુબ સારો સાથ સહકાર મળ્યો .પધારેલ તમામ સ્વયંસેવક મિત્રો નો તથા ભાવિક ભક્તો નો આભાર વ્યક્ત કરીને કાર્યક્રમ ની પૂર્ણાહુતિ કરવામાં આવી.

# થરા શ્રી ઓગડ વિદ્યા મંદિર ખાતે કન્યા કેળવણી અને પ્રવેશ ઉત્સવ યોજાયો



(ગરવી તાકાત) થરા તા.૨૮

કાંકરેજ તાલુકા કેળવણી મંડળ થરા સંચાલિત શ્રી ઓગડ વિદ્યા મંદિર ખાતે કન્યા કેળવણી અને પ્રવેશ ઉત્સવ ઉજવાયો હતો.આ કાર્યક્રમ કાંકરેજ તાલુકા કેળવણી મંડળના ટ્રસ્ટી હસમુખભાઈ શાહ અને થરા શહેર ભાજપ પ્રમુખ દિનેશજી ઘાંઘોસ, યશપાલસિંહ ટી વાઘેલા,પાલીકા કારોબારી ચેરમેન રસિકભાઈ પ્રજાપતિ, કોર્પો.રાકેશભાઈ ધાણધારા, રમેશજી ઠાકોર, દીક્ષિતભાઈ શાહ,રાઘવભાઈ જોશી, અંજુબેન ઠકકર,ભલાભાઈ, નટુભાઈ સુથારની વિશિષ્ટ ઉપસ્થિતિમાં યોજાયો.

ઉત્સવ અંતર્ગત દીકરીઓ દ્વારા સુંદર ભજન પ્રાર્થના રજૂ કરેલ. પ્રવેશ પ્રક્રિયાની દ્રષ્ટિએ શાળામાં આ વર્ષે નોંધપાત્ર પ્રતિસાદ મળ્યો છે:

ધોરણ ૯માં અને ધોરણ.૧૧માં વિદ્યાર્થીએ પ્રવેશ લીધો છે.આમ,હાલ મોટી સંખ્યામાં દિકરા દીકરીઓ શાળા માં અભ્યાસ કરી રહયા છે.

શાળાના આચાર્ય એ.એસ. વાલાણી સુપ .સી એસ. પરમાર તથા શિક્ષકસ્ટાફના સહયોગથી કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયો હતો. વાલીઓ અને સ્થાનિક આગેવાનો પણ ઉત્સાહભેર હાજરી આપી વિદ્યાર્થીઓના શિક્ષણ માટેની પ્રતિબદ્ધતાને બળ આપ્યું હતુ. કાર્યક્રમનું સંચાલન જે ટી જોષી અને આભાર વિધિ વી એમ. રાવળે કરી હતી.

Volume : 11 Issue : 75 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002